# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com

CIN:U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૭/ક્વા-૦૨/૨૦૨૦-૨૧/૦૨ તા.૦૭.૦૧.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૪૭/ક્વા-૦૨/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી ચૌહાણ અશોકભાઇ અમીલાલ ગામ – માંગરોળ

સબડીવીઝન: માંગરોળ શહેર

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી માંગરોળ

## :: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |
| ૩) મેમ્બર ટેકનીકલ | : | શ્રી કે.વી.ભટ્ટ |

તારીખ: ગુરુવાર (૨૯.૧૦.૨૦૨૦)

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, માંગરોળ શહેર માં સંસ્થા ફીડર હેઠળ તેઓને ઘર વપરાશ માટે વીજ કનેક્શન આપેલું હોય આ ફિડર માં અનેક સોસાયટીઓને વીજ પાવર આપવામાં આવેલો છે સમય સાથે વીજ માંગણી વધેલી હોય વીજ પુરવઠો પૂરો પાડવા માટે સોસાયટી વિસ્તારના ટીસી વર્ષો પહેલા ના હોય વપરાશ વધારાની માંગણીના વીજ કનેક્શનો આપેલા હોય તેની પૂર્તતા કરવા માટે જરૂર મુજબ નવા ટીસી ઊભા કરવામાં સ્થાનિક કચેરીએથી કાર્યવાહી ગોકળ ગાયની ગતિએ થતી હોય તેનો પુરાવો તારીખ ૧૦.૦૮.૨૦૧૬ ની અરજી ની નકલ સાથે સામેલ છે જે બાબતે આજે પણ આ ફિડર ના વીજ ગ્રાહકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા હોય તો દરરોજ અનેકવાર વીજ ફોલ્ટ હોય છે વધુમાં જણાવવાનું કે માંગરોળ શહેરમાં વીજ પુરવઠા ને લઈ વખતો વખત

લેખિત,મૌખિક,આવેદન પત્ર,પ્રેસ મીડિયા દ્વારા પ્રકાશિત થયેલ હોય છતા પણ એનકેન પ્રકારે નક્કર કામગીરી થયેલ નથી લુહાર સોસાયટીના ગેટ પર થી ૧૧ કેવી લાઇન પસાર થાય છે તેમ જ સોસાયટીમાં આવેલ એલટી લાઇનના વાયરો,એંગલો,તાણીયા જર્જરિત થયેલા હોય જે તાકીદે રીપેર કરવા માટે સ્થાનિક પીજીવીસીએલ કચેરી ને વારંવાર લેખિત મૌખિક તેમજ ટેલિફોન દ્વારા રજૂઆત કરવા છતાં કોઇ કામગીરી થયેલ ન હોય ના છૂટકે આ રજૂઆત કરવાની ફરજ પડી છે ઉપરોક્ત બાબતે વહેલી તકે ઉકેલ આવે તેવી સૂચના આપવા નમ્ર અરજ છે.અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદાર શ્રી ની રજુઆત મુજબ જણાવવાનું કે શ્રી અશોકભાઈ અમીલાલ ચૌહાણ ગામ- માંગરોળ (લુહાર સોસાયટી), તા.- માંગરોળ, પેટા વિભાગીય કચેરી માંગરોળ શહેર મુકામે ઘર વપરાશ હેતુનું વીજ જોડાણ ધરાવે છે. જેની વિગત નીચે મુજબની છે.

| | |
|---|---|
| ગ્રાહકનું નામ | : શ્રી અશોકભાઈ અમીલાલ ચૌહાણ<br>માંગરોળ (લુહાર સોસાયટી), તા.- માંગરોળ |
| કરારિત વીજભાર | : ૧.૫ કીવો. |
| ગ્રાહક નં. | : ૮૦૫૦૬૦૩૧૭૫૬ |
| હેતુ | : ઘર વપરાશ |
| પે. વિ. કચેરી | : માંગરોળ શહેર. |
| વિભાગીય કચેરી | : માંગરોળ |
| વર્તુળ કચેરી | : પોરબંદર |

૨.૧ સદરહુ ગ્રાહકશ્રી દ્વારા તેમના ઉપરોક્ત વિગત વાળા ઘર વપરાશનાં હેતુના વીજ જોડાણમાં વીજ પાવર વધ ઘટ મળવા બાબતની રજુઆત કરવામાં આવેલ છે. ગ્રાહકશ્રીની રજુઆતનાં આધારે અત્રેની માંગરોળ શહેર પેટા વિભાગીય કચેરી કક્ષાએથી સ્થળ પર રૂબરૂ મુલાકાત લઇ જરૂરી સર્વેની કામગીરીનાં આધારે તાંત્રિક મંજુરી લઇ સ્થળ પર હૈયાત વીજ ટ્રાન્સફોર્મર માંથી અલગ નવું એક વીજ ટ્રાન્સફોર્મર ઇન્સ્ટોલ કરી લો વોલ્ટેજ/વીજ પાવર વધ ઘટની સમસ્યાનું કાયમી સુખદ નિરાકરણ કરેલ છે તથા જરૂરી જર્જરિત કેબલ વાયર અને એંગલ બદલવાની રજુઆત અન્વયે જરૂરી સ્થળ સર્વેની કામગીરી પૂર્ણ કરેલ છે અને સર્વે મુજબની લાઈન કામગીરી વહેલાસર કરી આપવા અંગેની પણ ખાત્રી આપેલ છે. આમ, અરજદારની વીજ પાવર વધ ઘટ મળવા બાબતની રજુઆતનું નિરાકરણ થયેલ છે.

૨.૨ આથી ઉપરોક્ત બાબતે ગ્રાહકને તેમની ફરીયાદ/રજુઆત અન્વયે સંતોષકારક નિરાકારણ થયેલ હોય આથી અરજદારશ્રીની ફરીયાદનું સંતોષકારક નિવારણ થતા અરજદારશ્રી એ તે બદલ અત્રેની

માંગરોળ શહેર પેટા વિભાગીય કચેરીએ રૂબરૂ તારીખ- ૨૦.૧૦.૨૦૨૦ નાં રોજ આવી સમાધાન પુર્શીશમાં સહી કરી આપેલ છે.

## :: હુકમ ::

૩.૦ અરજદારશ્રીની રજૂઆત અન્વયે પેરા નં ૧.૦ અન્વયે પેરા નં. ૨.૨ મુજબ પીજીવીસીએલ કંપની ની માંગરોળ કચેરી દ્વારા ફરીયાદનું નિરાકરણ થતા પીજીવીસીએલ માંગરોળ કચેરી દ્વારા અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા.૨૦.૧૦.૨૦૨૦ થી રજુ કરેલ હોય ફોરમ કક્ષા એથી આ અરજી દફતરે કરવાનો નિર્ણય લીધેલ છે.

૩.૧ આમ ફોરમ દ્વારા અરજદારશ્રી ની કંપની ફરિયાદ અન્વયે કઈ કરવાનું રહેતું ન હોય અરજદારશ્રી ની સદર ફરીયાદ દફતરે કરવામાં આવે છે.

૩.૨ આ સાથે અરજદારશ્રી ની અરજી ફેસલ કરવામાં આવે છે.

| શ્રી એન.એસ.પંડયા | શ્રી કે.વી.ભટ્ટ | શ્રી બી.પી.બુચ |
|---|---|---|
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |